સાપ્તાહિક

# ક્રાઈમ કિંગ

CRIME KING (weekly)

EDITOR : NIKITA R. SAXENA

(MO) 98796 16556

E-mail : crimekingnews.gmail.com

RNI NO : GUJGUJ/2014/56392

PRINTED MATTER

To, 

* AT : 45, KONARAK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SARBARMATI, AHMEDABAD - 380019.

* YEAR : 10 * Issue No.02 * Date : 28-04-2023 * Friday * Page No. 4 Rs. 01.00 * Annual Rs.50/-

### છત્તીસગઢના દંતેવાડામાં એક મોટો નક્સલી હુમલો

# છત્તીસગઢમાં આઈઈડી હુમલામાં ડ્રાયવર સહિત ૧૧ જવાનો શહીદ

(સંપૂર્ણ સમાચાર સેવા)

રાયપુર,

છત્તીસગઢના દંતેવાડામાં એક મોટો નક્સલી હુમલો થયો છે. જેમાં ૧૧ જવાનો શહીદ થઈ ગયા છે. દંતેવાડાના અરનપુરમાં ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ (ડીઆરજી) દળના વાહન પર આઈઈડીહુમલો થયો હતો. શહીદ થયેલા જવાનોમાં ૧૦ ડીઆરજીસૈનિકો અને એક ડ્રાઈવરનો સમાવેશ થાય છે. આ મામલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તાત્કાલિક ધોરણે મુખ્યમંત્રી ભુપેશ બઘેલ સાથે વાતચીત કરી હતી અને તેમને શક્ય તેટલી મદદ કરવાનું આશ્વાસન આપ્યું હતું.

દંતેવાડામાં નક્સલી હુમલા બાદ મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં હાઈએલર્ટ જારી કરાયું છે. સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને નક્સલ પ્રભાવિત વિસ્તારના તમામ પોઈન્ટને એલર્ટ કરાયા છે. તમામ સરહદી વિસ્તારોમાં એલર્ટ પણ જાહેર કરાયું છે. સી-૬૦ કમાન્ડો અને ગઢચિરોલી પોલીસને કોઈપણ ખતરાનો સામનો કરવા માટે તૈયાર રહેવા માટે કહેવાયું છે.

હુમલા અંગે સીએમ ભૂપેશ બઘેલે કહ્યું કે નક્સલવાદીઓને બક્ષવામાં આવશે નહીં. આ ઘટના ખૂબ જ દુઃખદ છે. નક્સલવાદીઓ સામેની અમારી લડાઈ અંતિમ તબક્કામાં છે. આયોજનબદ્ધ રીતે નક્સલવાદને ધરમૂળથી ઉખેડી નાખવામાં આવશે. મળતી માહિતી મુજબ, આ હુમલા બાદ પોલીસે નક્સલવાદીઓને ઘેરી લીધા છે. બંને વચ્ચે એન્કાઉન્ટર હજુ પણ ચાલુ છે. માહિતી અનુસાર વધુ ફોર્સ બોલાવવામાં આવી છે.

રાજ્યના પૂર્વ સીએમ રમણ સિંહે આ હુમલાને લઈને ભૂપેશ બઘેલ પર હુમલો કર્યો. તેમણે કહ્યં કે બઘેલ દરેક હુમલા પછી એક જ વાત કહે છે પરંતુ કોઈ નક્કર પગલાં લેવામાં આવી રહ્યાં નથી. તેમણે કહ્યું કે જ્યાં સુધી રાજ્યો સાથે સંકલન કરીને નક્સલવાદીઓ વિરુદ્ધ ઓપરેશન નહીં ચલાવવામાં આવે ત્યાં સુધી આ સમસ્યાનો અંત નહીં આવે. જણાવાઈ રહ્યું છે કે, ડીઆરજીના ૧૦ જવાન અને એક ડ્રાઈવર એક જ વાહનમાં સવાર હતા. જગરગુંડા માર્ગનું નિર્માણ કામ અંતિમ તબક્કામાં છે.

અહીં વધુ એક કેમ્પ બનાવવાની તૈયારી થઈ રહી છે. એ કારણે ડીઆરજીના જવાન અહીંથી અવર-જવર કરી રહ્યા હતા. આ વિસ્તાર ઘણો જ સંવેદનશીલ મનાય છે. તે પછી પણ અહીં વાહનનો ઉપયોગ કરાયો. લાંબા સમયથી અહીં આઈઈડી જપ્ત થતા રહ્યા છે. ઘટના બાદ સવાલ ઉઠી રહ્યા છે કે, અહીં ડીઆરજી જવાનનું વાહન પસાર થયા પહેલા બોમ્બ ડિફ્યૂઝ સ્ક્વોડને મોકલાઈ હતી કે કેમ? આ ઘટના પાકા રસ્તા પર બની છે, એ કારણે જવાનોને અંદાજ જ ન હતો કે અહીં આઈઈડી હશે.

મળેલી માહિતી મુજબ ડીઆરજી જવાન સર્ચ ઓપરેશન પર નિકળ્યા હતા. એક પિકઅપ વાનમાં બેસીને પાછા આવી રહ્યા હતા, તે સમયે આ ઘટના બની હતી. ૧૧ જવાનોના મોતની ઘટના પર છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બધેલએ કહ્યું કે, ‘હું જીવ ગુમાવનારા જવાનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું. આ લડાઈ અંતિમ તબક્કામાં ચાલી રહી છે.

નક્સલીઓને કોઈપણ કાળે છોડવામાં આવશે નહીં. નિશ્ચિત રીતે યોજનાબધ રીતે આ નક્સલવાદનો અંત લાવવામાં આવી રહ્યો છે.‘

# શિંદેની ખુરશી પર જોખમ, અજિત પવાર-ફડણવીસ સત્તા સંભાળી શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ,

એકનાથ શિંદેના ગ્રુપે શિવસેના સામે બળવો કરીને મહારાષ્ટ્રના રાજકારણમાં ભૂકંપ મચાવી દીધી હતી. મહારાષ્ટ્રના આ સત્તા સંઘર્ષ પર સુપ્રીમ કોર્ટનો નિર્ણય ટૂંક સમયમાં આવી શકે છે.

મહારાષ્ટ્રના રાજકારણમાં ઘમાસાણ મચી ગયુ છે અને સીએમ એકનાથ શિંદેની ખુરશી ખતરામાં છે. એવું માનવામાં આવે છે કે જો સીએમ શિંદેની ખુરશી જશે તો આ ખુરશી પર અજિત પવાર, દેવેન્દ્ર ફડણવીસ, સુપ્રિયા સુલે, જયંત પાટીલ અને રાધાકૃષ્ણ વિખે પાટીલમાંથી કોઈ એક બેસી શકે છે.

આવી સ્થિતિમાં મહારાષ્ટ્રમાં એક અનાર ઔર પાંચ બીમાર જેવી સ્થિતિ નજર આવી રહી છે. સુપ્રીમ કોર્ટની બંધારણીય બેંચ મહારાષ્ટ્રના સત્તા સંઘર્ષ પર ગમે ત્યારે પોતાનો ચુકાદો આપી શકે છે.

જો કોર્ટનો નિર્ણય સીએમ શિંદેની તરફેણમાં નહીં આવે તો તેમની ખુરશી જશે એ નક્કી છે. જો કે રાજ્યમાં કોર્ટના નિર્ણય પહેલા નેતાઓ અને તેમના સમર્થકોની નજર શિંદેના સીએમ પદ પર ટકેલી છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી પાંચ નેતાઓને જ ભાવિ મુખ્યમંત્રી કહેવામાં આવી રહ્યા છે અને તેમના પોસ્ટર પણ લગાવવામાં આવી રહ્યા છે. પક્ષની નેતાગીરી ભલે કહેતી હોય કે તે કાર્યકરોની ભાવના અને ઉત્સાહથી આગળ કંઈ જ ન માનવાની વાત કહી રહી હોય પરંતુ સવાલ એ છે કે, શું આ હોર્ડિંગ્સ નેતાઓના આશીર્વાદ વિના લગાવવામાં આવી રહ્યા છે?

એકનાથ શિંદે અને શિવસેનાના ૪૦ ધારાસભ્યોના પાર્ટી સાથે બળવો અને ભાજપ સાથે સરકાર બનાવવા વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજી પર બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ નિર્ણય સુરક્ષિત રાખવામાં આવ્યો છે.

નિષ્ણાતોનું માનવું છે કે, આ અઠવાડિયે કોર્ટ પોતાનો ચુકાદો આપી શકે છે.

એકનાથ શિંદે સહિત ૧૬ ધારાસભ્યોને વિધાનસભાના ઉપાધ્યક્ષ દ્વારા આપવામાં આવેલી સસ્પેન્શનની નોટિસને એકનાથ શિંદેએ સુપ્રીમ કોર્ટમાં પડકારી હતી.

# 3M Co. કંપની ૬૦૦૦ કર્મચારીઓને નોકરીથી કાઢશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,

વૈશ્વિક મંદીના કારણે વિશ્વની અગ્રણી કંપનીઓ મોટા પાયે છટણીના નિર્ણયો લઈ રહી છે. હવે આ યાદીમાં વધુ એક કંપનીનું નામ સામેલ થયું છે. 3M Co. કંપનીએ ૬૦૦૦ કર્મચારીઓની છટણી કરવાની યોજના બનાવી છે. આ મામલે માહિતી આપતાં કંપનીએ જણાવ્યું હતું કે તાજેતરના ભૂતકાળમાં કંપનીના ખર્ચમાં વધારો થયો છે અને કામગીરીમાં ઘટાડો થયો છે. આવી સ્થિતિમાં ખર્ચ ઘટાડવા માટે કંપનીએ મજબૂરીમાં છટણીની યોજના બનાવી પડી છે. 3M Co. કંપની દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, કંપની તેના વાર્ષિક ખર્ચમાં મોટો ઘટાડો કરવાનો પ્રયાસ કરી રહી છે. કંપનીનો ટાર્ગેટ વાર્ષિક ખર્ચમાં ઓછામાં ઓછા ૯૦૦ મિલિયન ડોલરનો ઘટાડો કરવાનો છે. આવી સ્થિતિમાં છટણીના બીજા તબક્કામાં કુલ ૬,૦૦૦ કર્મચારીઓને બહારનો રસ્તો બતાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અગાઉ, કંપનીએ ૨,૫૦૦ કર્મચારીઓની છટણી કરી હતી. નવી છટણીની જાહેરાત બાદ કંપનીના કુલ કર્મચારીઓમાં કુલ ૧૦ ટકા એટલે કે ૮,૫૦૦ કર્મચારીઓનો ઘટાડો થયો છે. આ બાબતે વાત કરતા સીઈઓ માઈક રોમને કહ્યું હતું કે કંપની તે તમામ પગલા લઈ રહી છે જેનાથી તેનો નફો વધારવામાં મદદ મળશે. આ સાથે અમે તેની કામગીરીને પણ સરળ બનાવવા માંગીએ છીએ. કંપનીએ છટણી કરવાનો નિર્ણય લીધો ત્યારથી શેરબજારમાં તેના શેરમાં ૧ ટકાનો ઘટાડો નોંધાયો છે.

## તંત્રી લેખ...

# બાદલ પંજાબમાં આતંકવાદના ઉદયમાં પડદા પાછળના ખેલાડી

શિરોમણી અકાલી દળના ભૂતપૂર્વ પ્રમુખ અને પંજાબના ભૂતપૂર્વ મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલના નિધન સાથે પંજાબના રાજકીય તખ્તેથી એક પીઢ નેતાએ વિદાય લીધી. ૯૫ વર્ષના પ્રકાશસિંહ બાદલ પાંચ વાર પંજાબના મુખ્યમંત્રીપદે બેઠા હતા અને પોતાની લગભગ સાત દાયકાની રાજકીય કારકિર્દીમાં લોકસભાના સભ્યથી માંડીને કેન્દ્રમાં પ્રધાન સુધીના અનેક હોદ્દા ભોગવ્યા હતા.

માત્ર ૨૦ વર્ષની ઉંમરે બાદલ ગામના સરપંચપદે ચૂંટાઈને રાજકારણમાં કૂદનારા બાદલ ૧૯૫૭માં પહેલી વાર ધારાસભ્ય બન્યા ત્યારથી શરૂ કરીને ૨૦૨૨માં પંજાબ વિધાનસભાની ચૂંટણીમાં ખરાબ રીતે હારીને રાજકીય કારકિર્દીનો અંત આવ્યો ત્યા સુધીનાં ૬૫ વર્ષમાં બાદલ આઠ વાર ધારાસભ્યપદે ચૂંટાયા ને એક વાર લોકસભામાં ચૂંટાઈને મોરારજી દેસાઈની સરકારમાં કેન્દ્રીય મંત્રી પણ બન્યા.

પ્રકાશસિંહ બાદલની રાજકીય કારકિર્દી એ રીતે અત્યંત સફળ કહી શકાય કેમ કે બહુ ઓછા રાજકારણી ૯૩ વર્ષની ઉંમર સુધી ધારાસભ્યપદે રહી શકે છે. બાદલ ૨૦૨૨ની ચૂંટણીમાં હાર્યા ત્યારે તેમની ઉંમર ૯૩ વર્ષની હતી. આટલી લાંબી રાજકીય કારકિર્દી હોવાના કારણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી માંડીને નીચલા સ્તરના નેતા સુધીના બધા તેમને શ્રધ્ધાંજલિ આપે એ સ્વાભાવિક છે. આ રાજકીય શિરસ્તો છે અને વડાપ્રધાનપદે બેઠેલી વ્યક્તિએ એ રાજકીય શિરસ્તો પાળવો જ પડે પણ સાથે સાથે એક વાત પણ સ્વીકારવી પડે.

બાદલની રાજકીય કારકિર્દી અત્યંત લાંબી છે પણ વિવાદોથી ભરપૂર છે. ભ્રષ્ટાચાર કે સગાંવાદ જેવા ભારતના મોટા ભાગના રાજકારણીઓમાં જોવા મળતા સામાન્ય અવગુણ તો બાદલમાં હતા જ પણ ગંભીર બાબત એક સમયે તેમણે લીધેલું ભારત વિરોધી વલણ હતું. પંજાબમાં ૧૯૭૦ના દાયકાથી સીખો માટેના અલગ રાષ્ટ્ર ખાલિસ્તાનની માગ પ્રબળ બની. આ માગ સ્વીકારી શકાય તેનમ નહોતી તેથી સીખોનો એક વર્ગ આતંકવાદના રવાડે ચડયો ને પંજાબમાં નિર્દોષોના લોહીની નદીઓ વહેવડાવી દીધી.

સીખ યુવાનો આતંકવાદના રવાડે ચડયા એ માટે દોષનો ટોપલો જરનૈલસિંહ ભિંડરાનવાલે પર ઢોળી દેવાય છે પણ વાસ્તવમાં પડદા પાછળના અસલી ખેલાડીઓ અકાલી દળના નેતા હતા. સુરજીતસિંહ બરનાલા, પ્રકાશસિંહ બાદલ, ગુરચરણસિંહ તોહરા વગેરેએ રાજકીય ફાયદા માટે કરાવેલા આનંદપુર સાહિબ ઠરાવના કારણે ઠંડો પડી ગયેલો ખાલિસ્તાનનો મુદ્દો સળગ્યો અને પંજાબમાં આતંકવાદ ભડક્યો.

સીખો લાંબા સમયથી 'ખાલિસ્તાન'ની માગ કરતા હતા. ઈન્દિરા ગાંધીએ ૧૯૬૬માં પંજાબના ત્રણ ભાગ કરીને સીખો માટે અલગ પંજાબ બનાવીને આ માગ સંતોષી તેના કારણે ૧૯૭૧ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસે પંજાબની ૧૩માંથી ૧૨ બેઠકો જીતી જ્યારે ૧૯૭૨ની વિધાનસભા ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતી મેળવી. ખરાબ રીતે હારેલા અકાલી દળના બાદલ-બરનાલાએ ૧૯૭૩માં પવિત્ર સ્થાન આનંદપુર સાહિબ ખાતે પંજાબની સ્વાયત્તતાનો મુદ્દો ઉઠાવીને ઠરાવ કરાવડાવ્યો. આ ઠરાવમાં પંજાબને સીખ ધર્મના સિધ્ધાંતો પ્રમાણે ચલાવવા માટે વધારે સ્વાયત્તતા આપવી અને સીખ ધર્મને હિંદુ ધર્મથી અલગ ગણીને અલગ ધર્મની માન્યતા આપવી એ બે બાબતો મુખ્ય હતી. સીખ સંપ્રદાય હિંદુ ધર્મની રક્ષા માટે જ અસ્તિત્વમાં આવેલો. સદીઓ સુધી સીખો અને હિંદુ એક રહ્યા હતા પણ બાદલ-બરનાલાએ રાજકીય ફાયદા માટે બંનેને અલગ કરાવી દીધા. સીખો અત્યારે લઘુમતી છે અને હિંદુ ધર્મનો હિસ્સો નથી તેનું શ્રેય બાદલને જાય છે. આનંદપુર સાહિબ ઠરાવ ભારત-પંજાબના રાજકારણમાં પણ એક ટર્નિંગ પોઈન્ટ ગણાય છે અને બાદલ તેના પ્રણેતા હતા. આ ઠરાવ ના થયો હોત તો પંજાબમાં ખાલિસ્તાનની માગ પ્રબળ ના બની હોત ને આતંકવાદ પણ ના ભડક્યો હોત. બાદલ સામે એ પછી સતત આતંકવાદીઓ અને ઉગ્રવાદીઓને આશ્રય આપવાના આક્ષેપો પણ થયા છે. બાદલ ગુજરી ગયા તેથી તેમના મોતનો મલાજો જાળવીને આ વાતો યાદ ભલે ના કરાય પણ આ વાતો જાણવી જરૂરી છે કેમ કે આ મુદ્દો દેશની એકતા અને સુરક્ષાને લગતો છે. રાજકીય ફાયદા માટે આતંકવાદને ભડકાવવો કે લોકો વચ્ચે ધર્મના નામે દીવાલ ઉભી કરવી એ અક્ષમ્ય અપરાધ છે. બાદલ પંજાબના રાજકારણમાં લાંબો સમય કેન્દ્રસ્થાને રહ્યા પણ અત્યારે અકાલી દળ મરવા પડયો છે. તેનું કારણ પણ બાદલ છે. બાદલે અકાલી દળને પોતાના પરિવારની મિલકત બનાવી દીધી અને બાદલ પરિવારે સત્તામાં હતા ત્યારે બેફામ ભ્રષ્ટાચાર કર્યો તેથી બાદલ પરિવાર અળખામણો બની ગયો. તેમનો દીકરો સુખવિન્દરસિંહ અત્યારે અકાલી દળનો પ્રમુખ છે અને નાયબ મુખ્યમંત્રી રહી ચૂક્યો છે. સુખવિન્દરની પત્ની હરસિમરત કૌર સાંસદ છે અને મોદી સરકારમાં મંત્રી હતી પણ ખેડૂતોના આંદોલન વખતે રાજીનામું આપેલું, સુખવિન્દરનો સાળો વિક્રમ મજીઠિયા પણ કેબિનેટ મંત્રી હતો, સુખવિન્દરની બહેન પ્રણીત કૌરને પતિ આદેશ પ્રતાપસિંહ કૈરો પણ કેબિનેટ મિનિસ્ટર હતો.

# કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ ગુજરાત હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી મંગળવારે ગુજરાત હાઈકોર્ટ પહોંચ્યા છે. રાહુલે માનહાનિના કેસમાં પોતાની સજા (કોન્વિક્શન) પર રોક લગાવવા માટે અહીં અરજી દાખલ કરી છે. આ પહેલા રાહુલ ગાંધીએ સેશન્સ કોર્ટનો સંપર્ક કર્યો હતો, જ્યાં નીચલી કોર્ટનો નિર્ણય યથાવત રાખવામાં આવ્યો હતો.હકીકતમાં, ૨૦૧૯માં લોકસભા ચૂંટણી દરમિયાન રાહુલ ગાંધીએ મોદી સરનેમને લઈને એક રેલીમાં ભાષણ આપ્યું હતું. આ દરમિયાન રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, 'મોદી સરનેમના બધા ચોર કેમ છે?' આ નિવેદન પર ગુજરાતના એક બીજેપી ધારાસભ્યે પૂર્ણેશ મોદીએ રાહુલ વિરુદ્ધ માનહાનિનો કેસ દાખલ કર્યો હતો.

ગુજરાતના સુરતની મેજિસ્ટ્રેટ કોર્ટે આ કેસમાં રાહુલ ગાંધીને દોષિત ઠેરવ્યા છે. કોર્ટે રાહુલને ૨ વર્ષની જેલની સજા ફટકારી છે. આ પછી રાહુલ ગાંધી સુરતની સેશન્સ કોર્ટ પહોંચ્યા, જ્યાં તેમને રાહત ન મળી. રાહુલને મોટો ઝટકો આપતા સેશન્સ કોર્ટે નીચલી કોર્ટનો નિર્ણય ચાલુ રાખ્યો હતો. હવે રાહુલ ગાંધી હાઈકોર્ટમાં ગયા છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને મોદી સરનેમને લઈને કરવામાં આવેલી ટિપ્પણીના મામલામાં પટના હાઈકોર્ટમાંથી રાહત મળી છે. રાહુલ ગાંધી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સોમવારે (૨૪ એપ્રિલ) પટના હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. નીચલી અદાલતે રાહુલ ગાંધીને તેમનું નિવેદન નોંધવા માટે ૨૫ એપ્રિલે શારીરિક રીતે હાજર રહેવા જણાવ્યું હતું. અરજીમાં પટનાની સાંસદ-ધારાસભ્ય કોર્ટના આદેશને રદ કરવાની માંગ કરવામાં આવી છે. રાહુલ ગાંધીને રાહત આપતા કોર્ટે આગામી સુનાવણીની તારીખ આપી છે. હવે ૧૫ મેના રોજ સુનાવણી હાથ ધરવામાં આવશે. સોમવારે જસ્ટિસ સંદીપ કુમારની કોર્ટમાં આ સુનાવણી થઈ હતી. બીજેપી નેતા અને રાજ્યસભાના સભ્ય સુશીલ કુમાર મોદીના વકીલ એસડી સંજયે કહ્યું કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને માનહાનિના કેસમાં ૨૫ એપ્રિલે નીચલી કોર્ટમાં બોલાવવામાં આવ્યા હતા. તેમના વકીલે કહ્યું હતું કે, તેઓ તેમને ૨૫મીએ હાજર કરશે.

# પાદરીના કહેવા પર કેન્યામાં ૫૮ લોકોએ પોતાના જીવ આપી દીધા

(સંપૂર્ણ સમાચાર સેવા)
નૈરોબી,

આફ્રિકાના દેશ કેન્યામાં ધાર્મિક આસ્થાના નામે સર્જાયેલા હત્યાકાંડના કારણે હાહાકાર મચી ગયો છે.કેન્યામાં એક પાદરીના કહેવા પર ૫૮ લોકોએ ભૂખ્યા રહીને પોતાનો જીવ આપી દીધો હતો. પાદરીએ આ લોકોને કહ્યુ હતુ કે, તમારે ભગવાનને મળવુ હશે તો ભૂખ્યા રહેવુ પડશે. કેન્યાના ગૃહ મંત્રી કિથુરે કિંડિકીના કહેવા અનુસાર પોલીસે પાદરી પોલ મેકેન્ઝીની ધરપકડ કરી છે. કેન્યાની રેડ ક્રોસ સોસાયટીએ આ પહેલા સરકારને ૧૧૨ લોકોના ગૂમ થવાની જાણકારી આપી હતી.

એ પછી જ્યારે તપાસ શરુ કરવામાં આવી ત્યારે કેન્યાના દરિયા કિનારા પર આવેલા શહેર માલિંદીના સીમાડે ૮૦૦ એકરના જંગલમાં ચર્ચાના લોકોની વસાહત હોવાની જાણકારી મળી હતી.

એ પછી પોલીસની એક ટુકડી અહીંયા તપાસ કરવા માટે પહોંચી હતી. પોલીસની જાણકારી અનુસાર ગૂમ થયેલા મોટા ભાગના લોકો અહીંયા રહેતા હતા. ચર્ચના મુખ્ય પાદરી પોલ મેકેન્ઝીએ લોકોને કહ્યુ હતુ કે, ભૂખ્યા રહેશો તો ઈસુ ખ્રિસ્ત સાથે મેળાપ થશે. જેના કારણે વસાહતમાં રહેતા મોટા ભાગના લોકોએ ખાવાનુ છોડી દીધુ હતુ. જેના પગલે ઘણાના મોત થયા છે.

પોલીસના જણાવ્યા અનુસાર અહીંયાથી સામૂહિક કબર મળી આવી હતી. જેમાંથી ૫૦ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા.આઠ લોકો આ વસાહતમાં જીવતા હતા. જેમનુ સારવાર દરમિયાન મોત થયુ હતુ.બીજા ૨૯ લોકોની સારવાર હાલમાં ચાલી રહી છે.પોલીસે પાદરીની ધરપકડ કર્યા બાદ આ પાદરી સહિત ૧૪ લોકોએ ખાવા પીવાનુ છોડી દીધુ છે. આમ પોલીસ માટે બીજી એક મુસીબત સર્જાઈ છે.

# પાકિસ્તાનના સિંધના એક ગામડામાં ૭ વર્ષની હિંદુ બાળકીનું અપહરણ કરી રેપ

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઈસ્લામાબાદ,

પાકિસ્તાનમાં હિન્દુઓ સહિતની લઘુમતીઓ પર અત્યાચારનો સીલસીલો ચાલુ જ છે. જોકે દુનિયાભરની માનવાધિકાર સંસ્થાઓ જ્યારે પાકિસ્તાનમાં લઘુમતીઓ પર ગુજારાતા ત્રાસની વાત આવે છે ત્યારે ચૂપકીદી સાધી લેતી હોય છે.

પાકિસ્તાનમાં લઘુમતીઓ પરના અત્યાચારના વધુ એક હિસ્સામાં સિંધ પ્રાંતમાં એક ગામડામાં રહેતી અને ઘરની બહાર રમી રહેલી ૬ વર્ષની હિન્દુ બાળકીનુ અપહરણ કરીને તેના પર રેપ કરવામાં છે.

૨૩ વર્ષના યુવકે ઘરની બહાર રમી રહેલી બાળકીન અપહરણ કર્યુ હતુ. તે ઘરથી ૬ કિલોમીટર દુર બેહોશ હાલતમાં મળી આવી હતી. પોલીસે આ યુવકની ધરપકડ કરી છે.

આ ઘટના જ્યાં બની છે તે સિંધ પ્રાંતના શેખ ભિરકિયો અને ટાંડો અલ્લાયાર જિલ્લા એમ પણ હિન્દુઓ પર કટ્ટરવાદીઓના અત્યાચાર માટે કુખ્યાત છે.

આ વિસ્તારમાં હિન્દુ સમુદાયને અવાર નવાર ટાર્ગેટ કરવામાં આવે છે. ફેબ્રુઆરી મહિનામાં અહીંયા નીલો કોલ્હી નામના એક હિન્દુના ઘર પર હુમલો કરવામાં આવ્યો હતો. ટોળાએ ફાયરિંગ પણ કર્યુ હતુ અને નીલો કોલ્હીની પુત્રી ગોળી વાગવાથી ઘાયલ થઈ હતી. આ મામલામાં નીલો કોલ્હીએ ફરિયાદ કર્યા પછી પણ પોલીસે કોઈ કાર્યવાહી કરી નહીં હોવાનો આક્ષેપ છે.

આ પહેલા ઓક્ટોબર ૨૦૨૨માં ૧૦ વર્ષની હિન્દુ બાળકીનુ અપહરણ કરવામાં આવ્યુ હતુ અને તેના પર ધર્માંતરણ માટે તેમજ એક મુસ્લિમ વ્યક્તિ સાથે લગ્ન કરવા માટે દબાણ કરવામાં આવ્યુ હતુ.

હિન્દુઓ પર પાકિસ્તાનમાં જુલમ ગુજારવામાં આવી રહ્યા છે. આમ છતા પાકિસ્તાની સરકાર હિન્દુ સહિતના તમામ લઘુમતી સમુદાયને રક્ષણ આપવામાં નિષ્ફળ પૂરવાર થઈ છે.

## ૮.૮૮ કરોડનો ખર્ચ, ૨ લાખ પેસેન્જર્સને ફાયદો

# AMTS ટર્મિનસના જૂનના પહેલા અઠવાડિયામાં શ્રીગણેશ








(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,

છેલ્લાં પોણા બે વર્ષથી **AMTS**ના સત્તાવાળાઓ દ્વારા શહેરના સૌથી પ્રસિદ્ધ અને લાખો પેસેન્જર્સની અવરજવરથી ધમધમતા લાલ દરવાજા ટર્મિનસને નવીન રંગરૂપ આપવાનું કામ ચાલી રહ્યું છે. તંત્ર દ્વારા સમગ્ર ટર્મિનસને હેરિટેજ પ્રકારનું સ્થાપત્ય ધરાવતું નવું કલેવર અપાઈ રહ્યું છે. હવે આ પ્રોજેક્ટ લગભગ પૂર્ણતાના આરે આવી ચૂક્યો હોઈ તેનું જૂનના પહેલા અઠવાડિયામાં લોકાર્પણ કરવાની દિશામાં ચક્રો ગતિમાન થઈ ચૂક્યાં છે એટલે કે લાખો પેસેન્જર્સને નવા લાલ દરવાજા ટર્મિનસનો લાભ મેળવવા માટે માત્ર મહિના-સવા મહિનાની રાહ જોવી પડશે.

**AMTS**ના ચેરમેન વલ્લભ પટેલ કહે છે કે, ૧૧,૫૮૩,૨૪ ચોરસમીટર પ્લોટ એરિયા ધરાવતા લાલ દરવાજા ટર્મિનસનો બાંધકામનો એરિયા ૨,૫૮૮,૩૦ ચોરસમીટરનો છે. હેરિટેજ લૂક સાથે ઓફિસ બિલ્ડિંગ તથા બસસ્ટેન્ડની એક્સ્ટ્રા આઈટમ સાથેનો રિવાઈઝ્ડ ટેન્ડરનો ખર્ચ રૂ. ૮,૮૮,૦૨,૮૧૯ નો છે. આ કામની સમયમર્યાદા ૧૫ જૂન, ૨૦૨૩સુધીની હોઈ અમારી ગણતરી મુજબ જૂનના પહેલા અઠવાડિયા સુધીમાં તેને લોકો માટે ખુલ્લું મુકાશે. હેરિટેજ લૂક ધરાવતા ટર્મિનસનું મુખ્ય બિલ્ડિંગ પ્લેટફોર્મ નં.૧ ઉપર બંધાઈ રહ્યું છે, જેમાં ગ્રાઉન્ડ ફ્લોર પર આસિસ્ટન્ટ મેનેજર ઓફિસ, કેબિન ઈન્સ્પેક્ટર ઓફિસ, એક્સિડેન્ટ ઈન્સ્પેક્ટર ઓફિસ, બુકિંગ ઓફિસ, ઈક્વાયરી ઓફિસ, પીવાના પાણીની સુવિધા, પેસેન્જર્સની ફરિયાદના નિકાલ માટે અલગ કંટ્રોલરૂમની વ્યવસ્થા કરવાથી પેસેન્જર્સને જમાલપુર મુખ્ય ઓફિસ સુધી જવાની જરૂર રહેશે નહીં તેમ જણાવ્યું હતું. **AMTS**ના ચેરમેન વલ્લભ પટેલ વધુમાં કહે છે, ટર્મિનસના પહેલા માળે કેશ કલેક્શન કેબિન, મિટિંગ હોલ, ડિરેક્ટર ઓફ ટ્રાફિકની ઓફિસ, વીઆઈપી વેઈટિંગરૂમ, ઈલેક્ટ્રિક કેબિન અને ટિકિટ મશીનરૂમ બંધાઈ રહ્યા છે. પ્લેટફોર્મ નં. ૧થી ૭ પર બેઠક વ્યવસ્થા સાથે પાઈપ ફેબ્રિકેશન ઉપર ડેકોરેટિવ બસ શેલ્ટર બનાવાઈ રહ્યાં હોઈ તેનું મોટા ભાગનું કામ આટોપાઈ ગયું છે.

અંધ, અપંગ અને શારીરિક ખોડખાંપણવાળા મુસાફરોની સગવડતા માટેની અલગ વ્યવસ્થા ઊભી કરાઈ રહી છે. દરેક પ્લેટફોર્મ પર સીસીટીવી કેમેરાનો લાભ પેસેન્જરને મળશે. ઉપરાંત પેસેન્જર્સની સુવિધા માટે દરેક પ્લેટફોર્મ ઉપર બસના રૂટ અને સમયપત્રક માટેની માહિતી ઉપલબ્ધ કરાવતી પબ્લિક ઈન્ફર્મેશન સિસ્ટમ ગોઠવાઈ રહી છે.દરેક પ્લેટફોર્મ પરની આધુનિક કંટ્રોલ કેબિન તમામ બસનું કંટ્રોલિંગ કરશે તેમજ પેસેન્જર્સને જે તે રૂટની માહિતી આપશે. ઉપરાંત દરેક પ્લેટફોર્મ પર બસની એન્ટ્રીમાં તેની ગતિ ધીમી પડે તે માટે સ્પીડ બ્રેકર લગાવાયા છે, જેનાથી અકસ્માતોને નિવારી શકાશે. ટર્મિનસમાં હાલના ડામર રોડની જગ્યાએ આરસીસી રોડ તથા ડ્રેનેજની સુવિધા ઊભી કરાઈ છે. ટર્મિનસનું સમગ્ર બાંધકામ હેરિટેજ થીમ પર બનાવાયું છે. આ કામના કોન્ટ્રાક્ટર શ્રીજી કન્સ્ટ્રક્શન અને કન્સલ્ટન્ટ જાગ ડિઝાઈનર પ્રા. લિ. છે. કન્સલ્ટન્ટને ગત તા. ૩ જુલાઈ, ૨૦૧૭એ વર્કઓર્ડર અપાયો હતો, જે હેઠળ પ્રોજેક્ટની ૦.૫૮ ટકા ફી કન્સલ્ટન્ટને ચૂકવાશે. અન્ય ટેકનિકલ બાબતો તપાસતાં બિલ્ડિંગનો એરિયા ૭૩૦.૫૫ ચોરસમીટર, પ્લેટફોર્મના શેડનો એરિયા ૧,૮૫૭,૭૫ ચોરસમીટર હોઈ સમગ્ર પ્રોજેક્ટને સ્વર્ણિમ પ્રોજેક્ટના બજેટ હેડ હેઠળ તૈયાર કરાઈ રહ્યો છે.

આ દરમિયાન **AMTS**ના ચેરમેન પટેલ વધુમાં જણાવ્યું હતું કે, અત્યારે તમામ બસસ્ટેન્ડ થઈ ગયાં છે, આરસીસીના રોડ પણ બની ગયા છે અને હેરિટેજનું નાનું-મોટું કામ એટલે કે પથ્થર વગેરે લગાવવાના કામનો ધમધમાટ ચાલી રહ્યો છે. એટલે અમારી ગણતરી છે કે, એકાદ મહિનામાં લાલ દરવાજા ટર્મિનસનો હેરિટેજ લૂક શહેરના લાખો પેસેન્જર્સને આકર્ષિત કરશે.

**AMTS** તંત્ર માટે લાલ દરવાજા ટર્મિનસ એ ખૂબ અગત્યનું ટર્મિનસ છે. આ ટર્મિનસ સતત પેસેન્જર્સની અવરજવરથી ધમધમતું રહ્યું છે. એક અંદાજ મુજબ રોજના સવા બે લાખ પેસેન્જર્સની અવરજવર લાલ દરવાજા ટર્મિનસથી થાય છે. લાલ દરવાજા ટર્મિનસ પરથી ૩૯ બસ રૂટ ઓપરેટ થાય છે અને કુલ ૧૧૮ બસની અવરજવર થાય છે, જે પૈકી ટર્મિનસથી પસાર થતા રૂટની સંખ્યા ૧૩ છે અને ટર્મિનસથી પસાર થતી બસની સંખ્યા ૮૩ છે.

# આર્કિટેક્ચરના વિદ્યાર્થીએ બિલ્ડીંગ પરથી છલાંગ લગાવી સ્યુસાઈડ કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,

વિદ્યાર્થીઓના આપઘાતના વધતા જતા બનાવો વચ્ચે અમદાવાદમાં વધુ એક વિદ્યાર્થીએ બિલ્ડીંગ પરથી છલાંગ લગાવી જીવતરનો અંત આણી લીધો હોવાનું સામે આવતા ચકચાર મચી જવા પામી છે. સેપ્ટ યુનિવર્સીટીના વિદ્યાર્થીએ આપઘાત કરી લીધાનું બહાર આવતા સ્થાનિક પોલીસ કાફલો તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને તપાસનો ધમધમાટે શરૂ કર્યો છે. નોંધનીય છે કે આંબાવાડીમાં વિદ્યાર્થીએ બીલ્ડીંગ પરથી પડતું મૂકી મોત વ્હાલું કરી લીધું હતું.સેપ્ટ યુનિવર્સીટીમા આર્કિટેક્ચરના વિદ્યાર્થીના આપઘાતનો મામલો બહાર આવ્યો છે. શિવ મિસ્ત્રી નામના વિદ્યાર્થીએ આંબાવાડી ખાતે ધાબા પરથી છલાંગ લગાવી આયખું ટૂંકાવી લેતા પરિવારજનોમાં અરેરાટી મચી ગઈ છે.સ્યુસાઈડથી મિસ્ત્રી પરિવાર આઘાતમાં સરી પડ્યો છે. આ મામલે સ્થાનિક પોલીસને માહિતી આપવામા આવી હતી. જેને લઈને પોલીસ કાફલો બનાવ સ્થળે દોડી આવ્યો હતો. હાલ પોલીસે પંચનામું કરી તપાસ હાથ ધરી છે. પ્રાથમીક તપાસમાં નિવેદનો આધારે બહાર આવ્યું કે શિવ મિસ્ત્રી છેલ્લા ઘણા સમયથી માનસિક તણાવમાં હતો અને ગુમસુદા રહેતો હતો.

# આગામી પાંચ દિવસ ભારે પવન સાથે કમોસમી વરસાદ પડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,

વેસ્ટર્ન ડિસ્ટબન્સને કારણે આગામી પાંચ દિવસ ગુજરાતનાં કેટલાક વિસ્તારોમાં સામાન્ય વરસાદ થશે. અમદાવાદ હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, સૌરાષ્ટ્ર, કચ્છ, મધ્ય ગુજરાતના અમુક વિસ્તારમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. આ દિવસોમાં વાવાઝોડા સાથે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ, ગાંધીનગર, વડોદરામાં ભારે પવન ફૂંકાવાની આશંકા દર્શાવવામાં આવી છે.હવામાન વિભાગની આગાહી પ્રમાણે, મંગળવારે રાજ્યમાં સૌથી વધુ ગરમી સુરેન્દ્રનગરમાં ૪૨ ડિગ્રી નોંધાઈ હતી. આગામી પાંચ દિવસ રાજ્યના તાપમાનમાં પણ ઘટાડો થવાની સંભાવના છે. કારણ કે, ભેજવાળી હવાને કારણે રાજ્યમાં વાદળો બંધાવવાની શરૂઆત થઈ ગઈ છે. જ્યાં વરસાદ થશે ત્યાં વીજળી પણ થઈ શકે છે.

કચ્છ, દેવભૂમિદ્વારકા, જામનગર, બોટાદ, અમરેલી, ભાવનગર, સાબરકાંઠા, અરવલ્લી, નર્મદા, સુરત, તાપી, ડાંગના કેટલાક વિસ્તારોમાં માવઠું થવાની આગાહી છે. ૨૭મી તારીખના રોજ કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ, વલસાડ, અમરેલી, ભાવનગરમાં કમોસમી વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે.

# ગુજરાતમાં TMT બાર બનાવતી કંપની પર ઈન્કમ ટેક્સની રેડ

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,

ગુજરાતમાં **TMT** બાર બનાવતી કંપની પર દરોડા પડ્યા હોવાનું સામે આવ્યું છે. વાત જાણે એમ છે કે,જાણીતી સ્ટીલ કંપની ગેલેન્ટ મેટલ ઈન્ડસ્ટ્રીઝ પર દરોડા પડ્યા છે. પ્રાથમિક માહિતી મુજબની ટીમના કચ્છના સામખીયાળી ખાતે પ્લાન્ટમાં દરોડા પડ્યા છે. આ સાથે અમદાવાદ અને સુરત સહિત રાજ્યમાં વિવિધ સ્થળે દરોડા પાડવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે.

રાજ્યમાની ટીમ દ્વારા અનેક સ્થળો ઉપર દરોડા પાડવામાં આવ્યા છે. જાણીતી સ્ટીલ કંપની ગેલેન્ટ મેટલ ઈન્ડસ્ટ્રીઝના કચ્છના સામખીયાળી ખાતે પ્લાન્ટમા **IT**ની ટીમે દરોડા પાડ્યા છે. આ સાથે અમદાવાદ અને સુરત સહિત રાજ્યમાં વિવિધ સ્થળે દરોડા પાડવામાં આવ્યા હતા. નોંધનીય છે કે, ચંદ્રપ્રકાશ અગ્રવાલ અને અગ્રવાલ બંધુઓને ત્યાં પણ **IT**ની તપાસ ચાલુ છે. આ સાથે ઉત્તર પ્રદેશમાં આવેલા ગેલેન્ટ ઈસ્પાત ગ્રુપ પર દરોડા પાડ્યા હતા. જે બાદમાં હવે ઉત્તર પ્રદેશમાં પડેલા દરોડાને પગલે ગુજરાતમાં પણ તપાસ શરૂ થઈ છે. મહત્વનું છે કે, હજી ગઈકાલે જ રાજકોટ યાર્ડનાં જીરૂનાં મોટા બ્રોકરને ત્યાં સેબીનાં દરોડા પડ્યા હતા. ધીરૂદાસાને ત્યાં સેબીનાં અધિકારીઓએ તપાસ શરૂ કરી હતી. આ સાથે અન્ય ૩ એક્સપોર્ટર્સને ત્યાં પણ તપાસ શરૂ કરવામાં આવી હતી. અયોધ્યા ચોકની ટાઈમ સ્કવેર બિલ્ડિંગમાં અલગ-અલગ ટીમે તપાસ શરૂ કરી હતી. સૌરાષ્ટ્રનાં વેપારીઓ, ખેડૂતો અને એક્સપોર્ટર્સમાં ચર્ચા જાગી છે. જેમાં ૧૫૦ ફૂંટ રિંગ રોડ બિલ્ડિંગમાં ઓફિસ પર સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું . રે એક્સપોર્ટર વેપારી તથા અન્ય બે મોટા બ્રોકર કે ટ્રેડર્સને ત્યાં સેબીએ તપાસ હાથ ધરી હતી. જોકે તપાસમાં હજુ પણ મોટી હકીકતો સામે આવે તેવી શક્યતાઓ છે.

# યુવરાજ સિંહના સાળા શિવુભા ગોહિલે એ ડિવિઝન પોલીસ સમક્ષ સરેન્ડર કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
ભાવનગર,

ભાવનગરના ડમી કાંડ ઉમેદવારમાં રોજે રોજ નવા નવા ખુલાસા થઈ રહ્યા છે. યુવરાજ સિંહની ધરપકડ થયા બાદ તેમના સાળા કાનભા ગોહિલની પણ પોલીસે સુરતના વેલંજા વિસ્તારમાંથી ધરપકડ કરી હતી. ત્યારપછી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે યુવરાજ સિંહના સાળા શિવુભા ગોહિલે એ ડિવિઝન પોલીસ સમક્ષ સરેન્ડર કરી લીધું છે. આ દરમિયાન તેણે મોટો ઘટસ્ફોટ કર્યો છે. શિવુભા ગોહિલે જણાવ્યું કે આ તો એક રાજકીય ષડયંત્ર છે. રૂપિયાની લેવડ દેવડ મુદ્દે પણ તેણે કહ્યું છે કે આની કોઈ લેતી દેતી નથી. તેના આ નિવેદન બાદ રાજકારણ ગરમાઈ ગયું છે. તો ચલો રાજકારણમાં આને લઈ કેવી કેવી કાર્યવાહી થઈ એના પર નજર કરીએ.

શિવુભાએ કહ્યું કે યુવરાજ સિંહ વર્ષોથી આવા કૌભાંડોનો પર્દાફાશ કરતા આવ્યા છે. તેવામાં એમને ફસાવવાનું રાજકીય ષડયંત્ર છે. અગાઉ પણ ઘણીવાર તેમને આવી રીતે ષડયંત્રમાં ફસાવવા પ્રયત્નો કરાયા હતા. યુવરાજના સાળા શિવુભાએ કહ્યું કે આ રાજકારણ રમાઈ રહ્યું છે. આરોપીઓની સંડોવણી કરી સેટઅપ કરાઈ રહ્યું છે.

યુવરાજના સાળાએ કહ્યું કે અમે આ લોકોને મળ્યા છીએ પુરાવા લેવા પ્રયત્નો પણ કર્યા છે. પરંતુ રૂપિયાની લેતીદેતી થઈ નથી. વળી ૩૮ લાખ રૂપિયા જપ્ત થયા એ મુદ્દે શિવુભાએ કહ્યું કે આ એક રાજકીય સેટઅપ જ છે, યુવરાજ સિંહને ફસાવવા માટે કાવતરુ ઘડાઈ રહ્યું છે.

ભાવનગરમાંથી ડમી ઉમેદવાર કાંડ બહાર લાવનારા વિદ્યાર્થી નેતા યુવરાજ સિંહ હાલ પોલીસ કસ્ટડીમાં છે. આ કાંડ સામે આવ્યા બાદ યુવરાજ સિંહ પર આરોપ લાગ્યો તો કે, ઉમેદવારના નામ જાહેર ન કરવા માટે લાખો રુપિયા લીધા હતા. જે બાદ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે આ કેસમાં યુવરાજ સિંહના સાળા કાનભા ગોહિલની સંડોવણી સામે આવી હતી.

જે બાદ પોલીસે કાનભા ગોહિલની ધરપકડ કરીને પૂછપરછ તથા તપાસ હાથ ધરી હતી. જે બાદ પોલીસે યુવરાજ સિંહના સાળા કાનભા ગોહિલ પાસેથી રુપિયા ૩૮ લાખ કબજે કર્યા છે. પોલીસે રુપિયા એક કરોડની કથિત ખંડણીમાંથી હાલ ૩૮ લાખ રુપિયા કબજે કર્યા હોવાનું સામે આવ્યું છે. ત્યારે આ ખંડણી કેસમાં પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, ભાવનગરમાંથી ડમી ઉમેદવાર કાંડનો યુવરાજ સિંહે પર્દાફાશ કર્યો હતો.

આ મામલે પોલીસે ૩૬ આરોપીઓ સામે ગુનો નોંધીને ચારેક જેટલાં આરોપીઓને ઝડપ્યા હતા. જે બાદ પોલીસે એ દિશામાં તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન સોશિયલ મીડિયામાં યુવરાજ સિંહના નજીકના બિપીન ત્રિવેદી નામના શખસનો વિડીયો વાયરલ થયો હતો. જેમાં એવા આક્ષેપ કરવામાં આવ્યા હતા કે, યુવરાજ સિંહે ડમી ઉમેદવારના નામ જાહેર ન કરવા માટે ૫૫ લાખ રુપિયા લીધા હતા. જે બાદ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી અને પછી યુવરાજ સિંહની પણ ધરપકડ કરવામાં આવી હતી. હાલ યુવરાજ સિંહ પોલીસ કસ્ટડીમાં છે અને તપાસ ચાલી રહી છે.

આ દરમિયાન પોલીસે આ કાંડમાં યુવરાજ સિંહના સાળા કાનભા ગોહિલની પણ તાજેતરમાં સુરતના વેલંજા વિસ્તારમાંથી ધરપકડ કરી હતી. સૂત્રોનું કહેવું છે કે, યુવરાજ સિંહનો સાળો કાનભા ગોહિલ અને અન્ય એક અન્ય એક આરોપી આ કાંડના મુખ્ય સૂત્રધાર છે. કાનભા ગોહિલની ધરપકડ બાદ પોલીસે તપાસ તેજ કરી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, પોલીસની તપાસમાં કાનભા ગોહિલે કબૂલ્યું હતું કે તેણે રુપિયાનો વ્યવહાર કર્યો હતો. જે બાદ પોલીસે આરોપી કાનભા ગોહિલ પાસેથી એક કરોડની કથિત ખંડણીની રકમમાંથી રુપિયા ૩૮ લાખ કબજે કર્યા છે. પોલીસે સરકારી ધિકારીઓની હાજરીમાં પંચનામુ કરીને આ રુપિયા કબજે કર્યા છે.












Printer / Publisher / Owner & Editor : NIKITA R. SAXENA • Printed At :- PAVANPUTRA OFFSET., G.I.D.C., SECTOR-28, GANDHINAGAR, GUJARAT - 382028
Published - 45, KONARK SOCIETY, NEAR, SUNDARAM COMPLEX, EX. JAWAHAR CHOWK, SABARMATI, AHMEDABAD - 380019.